| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૦/૦૫/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૮૯૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૮ | ૦ | ૧૩૮ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૧ | ૦ | ૧૦૦૬૯૧ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭ | ૩,૮૭,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૯૭/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૯૮/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૮૯૯/૨૦૨૨

**સોલા હાઇકોર્ટ**ઃ યુતીબહેન વા/ઓ અમિતભાઇ જાવીયા (ઉ.વ.૩૫)(રહે.સિમંધર રેસીડન્સી-૨ સિલ્વર સ્ટાર ચાર રસ્તાની બાજુમા ચાંદલોડીયા) એ તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૨ ના રોજ યુતીબહેનના મોબાઇલ ફોન ઉપર મોબાઇલ નંબર ૦૬૩૭૨૭૮૫૦૫૬ ના ધારકે ટેક્ષ મેસેજમાં પાનકાર્ડ અપડેટ કરવા માટેની લીંક મોકલી હતી. જે લીંક ઉપર યુતીબહેને ક્લીક કરતા યુતીબહેનના બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- અન્ય ખાતામાં ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.વાઘેલા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૯૦૦/૨૦૨૨

**નિકોલ**ઃ જશુભાઈ મનુભાઇ કવાડ (ઉ.વ.૪૦)(રહે.હરિકૃષ્ણ સોસાયટી આશારામ સોસાયટી સામે રતનબા સ્કુલ રોડ ઠકકરનગર કૃષ્ણનગર) એ તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નિકોલ ડાયમંડ મીલ રોડ ઉત્તમનગર કોઠીયા હોસ્પિટલ સામે સરસ્વતી સ્કુલની બાજુમાં, રાજદીપ પાર્ક ખાતે જશુભાઈ કવાડના હિરાના કારખાનામાં કારીગર તરીકે કામ કરતા હેમંત ઉર્ફે સ્વામી સ/ઓ જયંતિભાઇ સુહાગીયા (રહે. સિધ્ધી પેલેસ સોસાયટી ચમક ચુનાની સામે હિરાવાડી બાપુનગર) (મુળ વતન. ગામ-ઉમરીયા તાલુકો-ખાંભા જીલ્લો-અમરેલી) તા.૨૮/૦૧/૨૦૨૨ પહેલા કારખાનામાંથી અંદાજે આશરે છ લાખ થી સાત લાખ કિંમતના હિરાની ચોરી કરી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૦૧/૨૦૨૨**

વાસણાઃ વાસણા જી.બી.શાહ કોલેજ નજીક ફુટપાથ ઉપર રહેતા અને છુટક મજુરી કામ કરતા ભુપેન્દ્રસિંહ બળવંતસિંહ બારીયા (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ ધામલોજ્મુવાડી તા-શહેરા જી.પંચમહાલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૫/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ નવલસિહ ચલાવે છે.

**ઓઢવ**ઃ ભાવેશભાઇ મનુભાઇ વ્યાસ (ઉ.વ.૪૨) (રહે. સ્ટાર હાઇટસ મોમાઇનગર પાછળ ઓઢવ) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૧૯/૦૫/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઇ નટવરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.